ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૯ જુન, ૨૦૨૬




આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## ઇતિહાસ, પરંપરા અને ગૌરવશાળી વારસાને જીવંત રાખતું ઐતિહાસિક ગામ

# નાપાડ તળપદ

## પેશ્વાઈ કાળનું મહત્વ, પ્રાચીન કોટના અવશેષો તથા સદીઓ જૂની પરંપરાઓ નાપાડને અન્ય ગામોથી અલગ ઓળખ આપે છે

આણંદ જિલ્લાના પ્રાચીન અને ઐતિહાસિક ગામોમાં નાપાડનું નામ વિશેષ મહત્વ ધરાવે છે. સદીઓ જૂના ઇતિહાસ, પૌરાણિક પરંપરાઓ, વહીવટી મહત્વ અને સામાજિક વારસાને કારણે નાપાડ માત્ર એક ગામ નહીં, પરંતુ મધ્ય ગુજરાતના સાંસ્કૃતિક વિકાસની સાક્ષી તરીકે ઓળખાય છે. ગામનો ઇતિહાસ અનેક રસપ્રદ ઘટનાઓ અને લોકવાયકાઓ સાથે જોડાયેલો હોવાથી આજે પણ સંશોધકો અને ઇતિહાસપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલું છે.

નાપાડ ગામનું સૌથી વિશિષ્ટ લક્ષણ એ છે કે ગામ તળપદ અને વાંટો એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. રેવન્યુ ખાતાની દૃષ્ટિએ બંને અલગ-અલગ ગામ તરીકે ગણવામાં આવે છે. ગામના પટેલ સમાજના વડવાઓ સંવત ૧૨૦૦ના અરસામાં ડભોઈ પરગણાના કારવણ ગામ અને પેટલાદ પરગણાના ઝારોલા ગામેથી અહીં આવી વસ્યા હોવાનું મનાય છે. સમય જતાં આ વસાહત વિકસતી ગઈ અને નાપાડ પ્રદેશનું અગત્યનું કેન્દ્ર બની ગયું.

ઇતિહાસકારોના જણાવ્યા મુજબ સંવત ૧૪૦૦ના સમયગાળામાં નાપાડના ગરાસીયાઓ સરકારની જમાબંધી સંપૂર્ણ રીતે ભરી શક્યા નહોતા. આ મુદ્દે ગરાસીયા ભાઈઓ વચ્ચે આંતરિક વિવાદો અને તકરારો ઊભા થયા હતા. અંતે સમાધાનરૂપે ગામના કુલ રકબાનો અડધો ભાગ ગરાસીયાઓ પાસે રહ્યો, જે આગળ જતાં "વાંટો" તરીકે ઓળખાયો. જ્યારે બાકીનો અડધો વિસ્તાર સરકારે પોતાના નિયંત્રણ હેઠળ રાખ્યો, જે "તળપદ" તરીકે પ્રચલિત બન્યો. ત્યારથી તળપદ વિસ્તારની મહેસૂલી જમાબંધી સીધી સરકારમાં




ભરવાની વ્યવસ્થા અમલમાં આવી હતી. આ ઘટનાએ ગામના વહીવટી માળખાને અનોખું સ્વરૂપ આપ્યું, જે આજે પણ તેની ઓળખનો મહત્વનો ભાગ છે.

નાપાડના ઐતિહાસિક મહત્વને વધુ મજબૂત બનાવતી એક લોકવાયકા પેશ્વાઈ કાળ સાથે જોડાયેલી છે. કહેવાય છે કે તે સમયમાં હાલના આણંદ તાલુકાની જગ્યાએ નાપાડ તાલુકો અસ્તિત્વમાં હતો. તાલુકા કચેરી તરીકે ઉપયોગમાં લેવાતું મકાન તથા તેની આસપાસનો કોટ આજે પણ ગામના પ્રાચીન ગૌરવની યાદ અપાવે છે. આ અવશેષો દર્શાવે છે કે નાપાડ એક સમયે વહીવટી અને રાજકીય રીતે મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું હશે. જો આ ઐતિહાસિક સ્થળોનું વૈજ્ઞાનિક રીતે સંશોધન અને દસ્તાવેજીકરણ કરવામાં આવે તો પ્રદેશના ઇતિહાસ અંગે અનેક નવી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

ગામની સામાજિક રચના પણ તેની વિશેષતા છે. વિવિધ સમાજો અને સમુદાયોના લોકો અહીં વર્ષોથી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વસવાટ કરે છે. કૃષિ નાપાડની મુખ્ય જીવનરેખા રહી છે. ઉપજાઉ જમીન અને મહેનતુ ખેડૂતોના કારણે ગામે કૃષિ ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે. સાથે સાથે શિક્ષણ, વેપાર અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ ગામે સતત પ્રગતિ નોંધાવી છે.

નાપાડમાં આવેલા પ્રાચીન મંદિરો, ધાર્મિક સ્થાનો અને લોકઆસ્થાના કેન્દ્રો ગામની સાંસ્કૃતિક સમૃદ્ધિ દર્શાવે છે. વર્ષ દરમિયાન ઉજવાતા વિવિધ ધાર્મિક ઉત્સવો અને સામાજિક કાર્યક્રમો ગામની એકતા અને પરંપરાગત મૂલ્યોને જીવંત રાખે છે. વૃદ્ધોની મૌખિક પરંપરાઓ અને લોકકથાઓમાં પણ નાપાડના પ્રાચીન વૈભવના અનેક ઉલ્લેખો જોવા મળે છે. આધુનિક વિકાસના યુગમાં પણ નાપાડ પોતાના ઐતિહાસિક વારસાને સાચવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. ગામના પ્રાચીન કોટ, જૂના વહીવટી અવશેષો અને ઐતિહાસિક સ્થળોનું સંરક્ષણ થાય તો આગામી પેઢીઓને પોતાના ગૌરવશાળી ભૂતકાળની જાણકારી મળી રહેશે. સાથે જ નાપાડને ઐતિહાસિક પ્રવાસનના નકશા પર સ્થાન અપાવવાની સંભાવનાઓ પણ ઉજળી બની શકે છે. નાપાડનો ઇતિહાસ માત્ર ગામનો ઇતિહાસ નથી, પરંતુ મધ્ય ગુજરાતના સામાજિક, રાજકીય અને વહીવટી વિકાસની જીવંત ગાથા છે. તળપદ અને વાંટાની અનોખી વ્યવસ્થા, પેશ્વાઈ કાળનું મહત્વ, પ્રાચીન કચેરી અને કોટના અવશેષો તથા સદીઓ જૂની પરંપરાઓ નાપાડને અન્ય ગામોથી અલગ ઓળખ આપે છે. આ ગૌરવશાળી વારસાનું સંરક્ષણ અને સંવર્ધન કરવું એ માત્ર નાપાડના લોકોની જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારની સામૂહિક જવાબદારી છે.



## ગામની ભૌગોલિક રચના અને રહેણી કહેણીમાં ચરોતરની પરંપરાગત સંસ્કારિતા જોવા મળે છે

નાપાડ તળપદ એક પ્રગતિશીલ, સુખી અને તમામ સુવિધાઓથી સજ્જ ગામ છે . ગ્રામ્ય સંસ્કૃતિ અને આધુનિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે. વહીવટી દ્રષ્ટિએ આ ગામ આણંદ તાલુકા અને આણંદ જિલ્લામાં આવેલું છે. તાલુકા મથક આણંદથી આશરે ૧૦ કિલોમીટરના અંતરે આવેલું આ ગામ ભૌગોલિક અને સામાજિક રીતે ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે.

**વહીવટી દ્રષ્ટિએ આ નાપાડ ગામ જિલ્લા- તાલુકા મથક આણંદથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલું છે**

નાપાડ તળપદ એક મધ્યમ કદનું અને સંવાદિતાથી ભરેલું ગામ છે. ગામની કુલ વસ્તી ૫,૬૩૦ જેટલી છે, જેમાં ૨,૯૮૫ પુરુષો અને ૨,૬૪૫ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. અહીં વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો પરસ્પર ભાઈચારો અને સંપથી રહે છે. ગામની ભૌગોલિક રચના અને રહેણીકહેણીમાં ચરોતરની પરંપરાગત સંસ્કારિતાની ઝલક જોવા મળે છે.

હાલમાં ગામના સુચારુ વહીવટની જવાબદારી સરપંચ મીનાબેન પટેલ સંભાળી રહ્યા છે, જેમના માર્ગદર્શન હેઠળ ગામ પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. અહીંની જમીન ઉત્તમ હોવાથી ખેડૂતો મુખ્યત્વે કેળાં, તમાકુ, ડાંગર (ચોખા), જુવાર અને વિવિધ પ્રકારના શાકભાજી પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કરે છે. ખાસ કરીને કેળાં અને તમાકુની ખેતી અહીં રોકડીયા પાક તરીકે આર્થિક સમૃદ્ધિ લાવે છે.

ખેતીની સાથે-સાથે પશુપાલન પણ અહીં ઘણો મોટો વ્યવસાય છે, જે પૂરક આવક પૂરી પાડે છે. આ ઉપરાંત, ગામના ઘણા લોકો મજૂરીકામ, ખાનગી નોકરીઓ, કડિયાકામ તેમજ અન્ય કારીગરીના વ્યવસાય સાથે જોડાયેલા છે. ગામની આ આર્થિક વિવિધતા તેને સ્વનિર્ભર બનાવે છે.નાપાડ તળપદ આજુબાજુના વિસ્તારો અને તાલુકા મથક સાથે પાકા રસ્તાઓથી ખૂબ જ સારી રીતે જોડાયેલું છે. ગામમાં વાહનવ્યવહારની ઉત્તમ સુવિધા છે, જેમાં સરકારી એસ.ટી. બસ, રિક્ષા, જીપ અને અન્ય ખાનગી વાહનો સરળતાથી મળી રહે છે. ગામની ભૌગોલિક સ્થિતિ એવી છે કે રોજિંદા જીવન માટે જરૂરી તમામ ચીજવસ્તુઓ, જેવી કે કરિયાણું, શાકભાજી, કાપડ અને અન્ય સામગ્રી ગામની અંદર જ ઉપલબ્ધ થઈ જાય છે, જેથી લોકોને નાના કામ માટે બહાર જવું પડતું નથી. ગામમાં કોઈ ખાનગી મોટી સંસ્થાઓ નથી, પરંતુ સ્થાનિક વેપાર જ એટલો સક્ષમ છે કે બધી જરૂરિયાતો સંતોષાઈ જાય છે. ખેતી અને પશુપાલનથી સમૃદ્ધ એવા આ ગામના લોકો મહેનતુ અને શાંતિપ્રિય છે. સરપંચ સહિત જનપ્રતિનિધિઓના કુશળ નેતૃત્વ અને ગ્રામજનોના સહકારથી નાપાડ તળપદ ગામ સતત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે અને અન્ય ગામો માટે પ્રેરણારૂપ બન્યું છે.

નાપાડ તળપદ

## ટાઉન ટોક

### -: નાપા તળપદ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1201 |
| કુલ વસ્તી | 5630 |
| કુલ પુરૂષો | 2985 |
| કુલ સ્ત્રીઓ | 2645 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 89.88 |
| પુરૂષ સાક્ષરતા દર | 94.68 |
| સ્ત્રી સાક્ષરતા દર | 84.50 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 646 |
| ખેત મજૂર | 835 |
| સીમાંત વર્ગ | 115 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 278 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 550 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1819 |
| ગાય | 559 |
| ભેંસ | 840 |
| અન્ય | 420 |

### -: જમીન ક્ષેત્રફળ :-

669 હેક્ટર 17 આરે 63 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 18 હેક્ટર 89 આરે 89 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 05 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 03 |
| વિદ્યાર્થીઓ | 1093 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 2100

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 2044 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 150 |
| ખેતી વિષયક જોડાણ | 025 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 1087

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 324 |
| BPL કાર્ડ ધારકો | 484 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 134 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 136 |
| વિધવા સહાય | 89 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 04 |